ગ્રામરક્ષકદળ અને સાગરરક્ષકદળના સભ્યોને
ગણવેશ આપવા બાબત.

....

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:ગરદ-૧૦૯૧/૧૨૨૨/ક
સચિવાલય,ગાંધીનગર,
તા. ૫/૧/૯૪

<u>વંચાણે લીધા:</u>

૧) ગૃહવિભાગનો ઠરાવ ક્રમાંક:ગરદ-૧૦૮૨-૯૧૩(પાર્ટ-૧)-ક, તા. ૧૧/૫/૮૯

૨) કમાન્ડન્ટ જનરલશ્રી, ગૃહરક્ષકદળ, ગુજરાત રાજ્યનો નામપત્ર ક્રમાંક:જાબાર ડો-૩૫૮૭-યુનીફોર્મ-૨૯૯-૯૧, તા.૯/૪/'૯૧

....

આ મુ ખ :-

આમુખમાં ક્રમાંક: ૧) સામે દર્શાવેલા તા. ૧૧/૫/૮૯ ના ઠરાવથી ગ્રામ રક્ષક દળ તથા સાગરરક્ષકદળના સભ્યોના ગણવેશના દરોમાં વધારો કરવામાં આવ્યો હતો. આ ઠરાવની જોગવાઈ પ્રમાણે ગ્રામરક્ષકદળના મહિલા, પુરુષ તથા સાગર રક્ષક દળના સભ્યોને પૂરા પડાતા ગણવેશમાં રાજ્ય સરકાર, જિલ્લા પંચાયત તથા સભ્યોએ પોતે ભોગવવાના થતા ખર્ચનો હિસ્સો નક્કી કરવામાં આવેલ હતો. પરંતુ જિલ્લા પંચાયતો પાસેથી પોતાના ભાગે આવતા હિસ્સાની રકમ મેળવવામાં ઘણી મુશ્કેલી પડે છે તેમ અનુભવાયેલ છે.

આ પરિસ્થિતિ જોઈ ગ્રામરક્ષકદળના સભ્યોના ગણવેશના ખર્ચમાં જિલ્લા પંચાયતોનો ફાળો નહીં લેવાનું નક્કી કરાયેલ છે. આમ, હવેથી ગ્રામરક્ષકદળનાં સભ્યોને અપાતા ગણવેશના દરોમાં રાજ્ય સરકારે તથા સભ્યોએ ભોગવવાના ખર્ચનો હિસ્સો નીચે જણાવ્યા પ્રમાણે રહે છે.

..૨..

| અનુ. નંબર. | દળનું નામ | દર વર્ષે જરૂરી ગણવેશ | એક ગણવેશના અંદાજિત કિંમત. | સરકારનો ફાળો | સભ્ય ફાળો. | જરૂરી ફંડ કોલમ-૩Xકોલમ-૫ |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧. | ગ્રામરક્ષક-દળ(પુરૂષ) | ૧૨૨૬૭ નંગ. | રૂ.૩૦૦ | રૂ.૨૦૦ | રૂ.૧૦૦/- | રૂ.૨૪,૫૩,૪૦૦/- |
| ૨. | ગ્રામરક્ષક-દળ(મહિલા) | ૩૦૬૭ નંગ | રૂ.૨૪૦ | રૂ.૧૬૦ | રૂ.૮૦/- | રૂ.૪,૯૦,૭૨૦/- |
| ૩. | સાગરરક્ષક દળ | ૧૩૩૩ નંગ | રૂ.૩૬૦ | રૂ.૨૪૦ | રૂ.૧૨૦/- | રૂ.૩,૧૯,૯૨૦/- |
| | કુલ: | ૧૬,૬૬૭ | | | | રૂ.૩૨,૬૪,૦૪૦/- |

ઉપર કોઠામાં જણાવ્યા પ્રમાણે ગણતરી કરતા ગ્રામરક્ષકદળના સભ્યો માટે ગણવેશ ખરીદી માટે વાર્ષિક રૂ.૩૨,૬૪,૦૪૦/- (રૂપિયા બત્રીસ લાખ ચોસઠ હજાર ચાળીસ પુરા)ના ખર્ચને આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

સભ્યશ્રીએ પોતાનો ફાળો '૦૦૭૦ અન્ય વહિવટી સેવાઓ-૮૦૦- અન્ય આવક'' બજેટ સદર હેઠળ જમા કરાવવાને, અસલમાં ચલણ સુપ્રીન્ટેન્ડન્ટ ઓફ પોલીસ, ગ્રામ રક્ષકદળ, ગુજરાત રાજ્ય, અમદાવાદને મોકલવાનો રહેશે.

આ અંગે, થનાર ખર્ચ ચાલુ સાલના અંદાજપત્રમાં માંગણી નં.૪૭, ૨૦૭૦ અન્ય વહીવટી સેવાઓ (૨૪) માલ સામાન અને પુરવઠા તથા (૩૩), વ્યાવસાયિક અને ખાસ સેવાઓ બદલ ચુકવણી હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમોનો અમલ તા. ૧/૧૧/૯૩ થી કરવાનું ઠરાવવામાં આવે છે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સચિવશ્રી (ખર્ચ),

...નાંગ્રે િ...: તા.૨૯/૧૭/૯૦ ના નોંધવા મળેલ અનુમતિ અન્વયે પ...
પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(અમુભાઇ ઠાકોર)
સેક્શન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,

1) કમાન્ડન્ટ જનરલશ્રી, ગૃહરક્ષકદળ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૨) સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ, ગ્રામરક્ષકદળ, લાલ દરવાજા, અમદાવાદ.
૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, (ઓડીટ-1), ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૫) એકાઉન્ટન્ટ જનરલશ્રી, (ઓડીટ-૨) ગુજરાત રાજ્ય, રાજકોટ
૬) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
૭) ... વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮) સીલેકટ ફાઇલ.
૯) મદદનીશ સીલેકટ ફાઇલ.

દિનેશ:૫/૧૨૯/૩/